# પુરુષાર્થ: મહાન બનવાની એકમાત્ર જડીબુટ્ટી...

**અબ્રાહમ લિંકનની પૂણ્યતિથિ હમણાં જ ગઈ. તે નિમિત્તે અહીં લિંકન સહિત એવા કેટલાક જાણીતા લોકોની વાત કરી છે કે જેમનું જીવન સાચા અર્થમાં પુરુષાર્થનો પર્યાય હતું. ડાર્વિનની આ વિચારધારા એ સમયે કોઈએ સ્વીકારી નહોતી. પણ આજે આ વિચારધારાને બધા સ્વીકારે છે.**

૧૯મી સદીની મધ્યમાં પોતાની ઉત્ક્રાંતિની વિચારધારા વડે દુનિયાભરમાં સનસનાટી મચાવી દેનાર ચાર્લ્સ ડાર્વિનની એ સમયે લોકોએ ક્રૂર મશ્કરી કરીને આ વિચારધારાને હસી કાઢી હતી. એમાં સામાન્ય માણસથી માંડીને બૌદ્ધિક વર્ગ અને ખાસ તો ધર્મગુરુઓનો સમાવેશ થતો હતો. બધા ધર્મો એમ કહેતા હતા કે, મનુષ્યનો ઉદ્ભવ બેથી પાંચ હજાર વર્ષ પહેલાં થયો હતો. ડાર્વિનનું કહેવું હતું કે જીવસૃષ્ટિ કરોડો વરસ પહેલાં પેદા થઈ હતી. પહેલાં પૃથ્વી ઉપર ડાયનોસોર નામનું અત્યંત વિશાળ કદનું પ્રાણી અસ્તિત્વ ધરાવતું હતું. માણસનો આકાર અને રૂપરંગ પણ આજ કરતાં તદ્દન જુદાં હતાં. એની આ વિચારધારા એ સમયે કોઈએ સ્વીકારી નહોતી. પણ આજે આ વિચારધારાને બધા સ્વીકારે છે. પૃથ્વી ઉપર જ્યાં જ્યાં ખોદકામ થાય ત્યાં ઇતિહાસના જે અવશેષો મળે છે, એ વાતનું સમર્થન કરે છે. આ અવશેષોને વિજ્ઞાનની ભાષામાં ફોસિલ કહેવાય છે. એના મિત્ર આલ્ફ્રેડ વોલેસે આ શોધ પોતે કરી હોવાનો દાવો કર્યો હતો. પણ પાછળથી એણે પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી અને ડાર્વિનને ઉત્ક્રાંતિની શોધનો બધો યશ આપ્યો હતો. ડાર્વિનના પિતા અને દાદા બંને ડોક્ટર હતા. પણ એમાંથી કોઈને પ્રકૃતિમાં બિલકુલ રસ નહોતો. ડાર્વિનને બાળપણથી જ પક્ષીઓ અને પ્રાણીઓમાં રસ હતો. પણ એનું કુટુંબ એને ડોક્ટર બનાવવા માંગતું હતું. પણ એને તબીબી વિજ્ઞાનમાં બિલકુલ રસ નહોતો. ૧૯૩૧માં એ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયો. એ જ અરસામાં વહાણ બિગલના કેપ્ટન સાથે એની ઓળખાણ થઈ, જે પાછળથી ગાઢ મૈત્રીમાં ફેરવાઈ ગઈ. ચાર વરસ સુધી એ બંને દરિયાકાંઠે ફરતા રહ્યા, આ દરમિયાન બંનેએ કેટલાક એવા અવશેષો શોધી કાઢ્યા જેમાંથી ઉત્ક્રાંતિની વિચારધારાનો જન્મ થયો. એ દરમિયાન એના પિતાની અઢળક મિલકતનો વારસો એને મળ્યો પરિણામે કમાવાની ચિંતા દૂર થઈ ગઈ અને એ પછીનું સમગ્ર જીવન એણે વૈજ્ઞાનિક શોધખોળમાં જ ગાળ્યું. એણે લખેલું પુસ્તક ઓરિજીન ઓફ ધ સ્પેસિસ



આજે પણ વૈજ્ઞાનિક લખાણોમાં એક સીમાસ્તંભ ગણાય છે. પ્રથમ દિવસે પહેલી આવૃત્તિની બધી જ નકલો વેચાઈ ગઈ. જોકે એને ભારે વિરોધનો પણ સામનો કરવો પડ્યો. આ સામના વચ્ચે બે વિજ્ઞાનીઓ એની મદદે આવ્યા. ૧૮૮૨માં હૃદયરોગના હુમલાથી એનું અવસાન થયું. આજીવન અપયશ મેળવનાર આ મહાન વિજ્ઞાનીને મૃત્યુ પછી અભૂતપૂર્વ માન આપવામાં આવ્યું અને આઇઝેક ન્યૂટનની કબરની બાજુમાં જ એને દફનાવવામાં આવ્યો.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વિશ્વના મહાન નેતા અબ્રાહમ લિંકનનો જન્મ ૧૮૦૯માં એક તદ્દન ગરીબ કુટુંબની ઝૂંપડીમાં થયો હતો. એમના પિતા એક મામૂલી ખેડૂત હતા. વારંવાર જીવનનિર્વાહ માટે એમને ગામ બદલવું પડતું, એમનો ખોરાક તદ્દન સાદો હતો. એમના ઘર પાસેથી અવારનવાર ગુલામોનું ટોળું પસાર થતું. આ ગુલામોના હાથ પાછળથી બાંધેલા હતા. લિંકનની ઉંમર સાત વરસની થઈ ત્યારે એમનું કુટુંબ રોજીરોટીની તલાશમાં ઇન્ડિયાનામાં આવ્યું. એમણે નદીકાંઠે લાકડાની એક કેબિન બનાવી, ધીમે ધીમે જમીનનો એક ટુકડો સરકાર તરફથી એમને મળ્યો. ૧૭ વરસની ઉંમરે અબ્રાહમને નોકરીમાં જોડાવું પડ્યું. પગાર રોજનો માત્ર ૩૭ સેન્ટ હતો. ૧૮૩૦માં એમનું કુટુંબ ફરીથી હિજરત કરીને ઈલિનોઈસ આવ્યું. ૧૮૩૨માં એમણે રાજકારણમાં જોડાવાનો નિર્ણય લીધો, વિધાનસભાની ચૂંટણી એમણે લડી પણ હારી ગયા. ૧૮૩૪માં એમણે ફરીથી ચૂંટણી લડી અને જીત્યા પણ ખરા. એ જ અરસામાં એમણે લગ્ન પણ કર્યાં. વિધાનસભામાં ચૂંટાઈને એમણે ગુલામીની પ્રથા નાબૂદ કરતો ઠરાવ મૂક્યો.

પણ એ ઠરાવ નામંજૂર થયો. દરમિયાન એક સારા વક્તા તરીકે એ ખ્યાતનામ બની ચૂક્યા હતા. એક વકીલ તરીકે પણ એમણે ખૂબ નામના મેળવી હતી. એમનો દેખાવ બિલકુલ આકર્ષક નહોતો. મિત્રોએ એમને દાઢી વધારવાની સલાહ આપી જે એમણે તરત સ્વીકારી પણ લીધી. ૧૮૬૦માં રિપબ્લિકન પાર્ટીએ એમને પ્રમુખપદ માટે ઊભા રાખ્યા. દરમિયાનમાં ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકા વચ્ચે આંતરવિગ્રહ શરૂ થઈ ચૂક્યો હતો. લિંકન ૬, નવેમ્બર ૧૮૬૦ ના રોજ પ્રમુખપદની ચૂંટણી જીતી ગયા. અમેરિકાના કેટલાંક રાજ્યોએ અમેરિકાની સાથે રહેવાનો નિર્ણય કર્યો, તો બીજા કેટલાંક છૂટા પડી ગયાં. લિંકન ફરીથી ચૂંટાઈ આવ્યા. આંતરયુદ્ધ સમાપ્ત પણ થઈ ગયું. એમણે યુદ્ધમાં પકડાયેલા કેદીઓને છોડી મૂકવાનો હુકમ કર્યો અને આમ એક મહાન નેતા તરીકે ઇતિહાસમાં એમનું નામ અમર થઈ ગયું. ફરીથી ચૂંટાયા એના છ અઠવાડિયામાં જ એમની કરુણ હત્યા થઈ ગઈ. અમેરિકા અને વિશ્વના ઇતિહાસમાં એક મહાન મુત્સદ્દી નેતા તરીકે એમને આજે યાદ કરવામાં આવે છે. એમણે ઔપચારિક શિક્ષણ લીધું નહોતું, આપબળે જ એ મહાન વક્તા બન્યા હતા. એમની હિંમત અને ધીરજ પણ અદ્‌ભુત હતી. એમના મૃત્યુ પછી એમના પ્રત્યે સહાનુભૂતિનું પ્રચંડ મોજું ફરી વળ્યું, ઉત્તર અને દક્ષિણ અમેરિકાની પ્રજા વચ્ચે થોડી કડવાશ હતી એ પણ ભુલાઈ ગઈ.

વિશ્વના વિચારોની દૃષ્ટિએ બે છાવણીઓમાં સ્પષ્ટ રીતે વહેંચી દેવાની વિચારધારા આપનાર મહામાનવનું નામ હતું કાર્લ માર્ક્સ. એમણે વરસો સુધી જર્મનીમાં આવેલ હાઈડલબર્ગના પુસ્તકાલયમાં બેસીને દુનિયાભરની ફિલસૂફીઓનો અભ્યાસ કર્યો હતો. માર્ક્સનો જન્મ ૧૮૦૮માં જર્મનીમાં રાહીનલેન્ડ ખાતે થયો હતો. ૧૮૩૫માં બોન યુનિવર્સિટીમાં દાખલ થયા હતા. ત્યાંથી એ વધુ અભ્યાસ માટે બર્લિન ગયા હતા. એમણે પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. આ પછી એમણે પત્રકારત્વમાં ઝંપલાવ્યું હતું. પત્રકાર તરીકે એ સરકાર વિરોધી ઉગ્ર ટીકા કરતા હતા. પરિણામે એમના અખબાર ઉપર સેન્સરશિપ લાદવામાં આવી હતી. એનાથી અકળાઈને એમણે દેશ છોડવાનો નિર્ણય લીધો હતો. ૧૮૪૩માં એ પેરિસ જતા રહ્યા. ત્યાંથી ૧૮૪૭માં લંડન ખાતે સ્થાયી થયા હતા. લંડનમાં જ રહીને એમણે સામ્યવાદનો ઢંઢેરો બહાર પાડ્યો હતો.
(યાસીન દલાલના પુસ્તક 'વિચારપ્રવાહ'માંથી સાભાર)